

## અમર બલિદાન

મધ્ય પ્રદેશના જબલપુર જિલ્લામાં કેન નામની એક નદી છે.

આ નદી સાથે બે માનવ પ્રાણીઓનાં સાહસ અને બલિદાનની લોકકથા જોડાયેલી છે.

આ કેન નદી યમુનાને મળે છે.

તુલસી નામનો એક ખેડૂત હતો.

એની પાસે એક મોટું ખેતર હતું.

એ ખેતરમાંથી સારો પાક થતો.

પેદાશના પ્રમાણમાં ખર્ચ ઓછું હતું. એટલે ગામમાં પૈસેટકે સુખી ગણાતો.

એની પત્ની એક બાળકીને મૂકીને ગુજરી ગઈ હતી.

એ સિવાય એને બીજું કોઈ સંતાન ન હતું. તુલસીની આ પુત્રીનું નામ હતું કિનિયા. એ પણ ખેતીના કામમાં પિતાને મદદ કરતી.

કિમિયા ઉંમરલાયક થઈ એટલે તુલસીએ એને કિસન નામના એક યુવાન સાથે પરણાવી. એને કિસનને પોતાના ઘરમાં જ રહેવાની વ્યવ્સ્થા કરી આપી.

હવે તો સસરો અને જમાઈ હળીમળીને ખેતરમાં કામ કરતા.

કિનિયા બપોરે ભાત લઈને ખેતરે આવતી. અને ત્રણેય જણાં સાથે બેસીને જમતાં. કિનિયા ખેતીના કામમાં પિતાને મદદ કરાવતી. અને સાંજ પડતા પહેલાં રાતનું વાળું તૈયાર કરવા ઘેર આવતી.

આમ તનતોડ મહેનત કરવાથી અને સંતોષી જીવન ગાળવાથી ત્રણે જણાં ખૂબ સુખી હતાં.

ચોમાસું આવ્યું. વરસાદ પણ ખૂબ પડયો.

તુલસી ને જમાઈ કિસન સવારમાં શિરામણ કરીને બન્ને સાથે ખેતરમાં ગયાં.

શરૂઆતના વરસાદના દિવસોમાં ખેતરમાં ગોડવાનીંદવાનું ખાસ કામ હોતું નથી. એટલે કિનિયાને બપોરે ભાત લઈને આવવાનું ન હતું.

ડાંગરના પાકને ખૂબ પાણી જોઈએ. તેથી ખેતરની ચારે બાજુ પાળ બાંધાવામાં આવે છે. આથી એમાં પાણીનો સંગ્રહ થઈ શકે છે.

એક દિવસની વાત છે.

બન્ને જણાએ ખેતરમાં આવી જોયું તો પાણી ખૂબ ભરાઈ ગયું હતું, પણ એક બાજુની પાળ સાધારણ તૂટેલી હતી. એટલે એમાંથી પાણી ધીરે ધીરે વહી જતું હતું. આ જોઈને બન્ને સસરો–જમાઈ પાળ સમારવા લાગ્યા.

કિસન માટી ખોદીખોદીને ટોપલીમાં ભરીને લાવતો અને એના સસરા એ માટી પેલી તૂટેલી પાળ પર નાખતા. પરંતુ પાણીનો પ્રવાહ જોશબંધ વહેતો હોઈ માટી તણાઈ જતી. એટલે બન્ને જણા ખૂબ મૂંઝાયા. હવે શું કરવું.

જો પાણી ખેતરમાંથી વહ્યું જાય તો પછી આખુંય વરસ ભૂખે મરવું પડે ને!

થોડી વાર પછી કિસનને એક ઉપાય સૂઝયો. અને એનું મુખ પ્રસન્નતાથી ઝબકી ઊઠયું. કિસન એના સસરાને માટી ખોદવાનું કહી ટોપલી લઈને ગયો.

ટોપલી એક બાજુ મૂકી, એ પાણી રોકવા માટે જ્યાં આગળ પાળી તૂટી હતી ત્યાં આગળ લાંબો થઈને સૂઈ ગયો. આથી વહેતું પાણી અટકી ગયું.

કિસનને ગયે ખૂબ વાર થઈ છતાં એ પાછો ન આવ્યો એટલે તુલસીને ચિંતા થવા માંડી. એની તપાસ કરવા માટે એ ખેતરની પાળ પાસે આવ્યો.

આ દશ્ય જોતાં જ એનું હૈયું હચમચી ગયું.

પોતાના જમાઈને આ હાલતમાં જોઈ એ સ્તબ્ધ થઈ ગયો.

તુલસીએ કિસનને ઊભો કરવા એનો હાથ પકડયો. પણ આ શું ? કિસનનું શરીર ઠંડું હીમ જેવું થઈ ગયું હતું. નાડીના ધબકારા બંધ પડી ગયા હતા.

એના મોંમાં અને નાકમાં પાણી અને માટી ભરાઈ ગયાં હતાં.

કિસનનો પ્રાણ પરલોકમાં પહોંચી ગયો હતો.

પોતાના વહાલા જમાઈના અણધાર્યા મોત પર એ ચોધાર આંસુએ રડયો.

એટલામાં ‘ધબ’ અવાજ સાથે માટીનું એક મોટું ઢેફું પાણીમાં પડયું.

આ જોઈ તુલસી મનમાં વિચારવા લાગ્યો : 'ખેતરને બચાવવા માટે તો કિસને પોતાનો મહામૂલો દેહ અર્પણ કર્યો છે. વરુણદેવને પોતાનો બલિ ચઢાવ્યો છે. તો શું એનું બલિદાન અફળ જશે ? આ સમયે એના બલિદાન પર આંસુ વહાવ્યે નહીં ચાલે. એનો અધૂરો સંકલ્પ પૂરો કરવો જ પડશે. તો જ એને સાચો ન્યાય મળ્યો ગણાશે.'

અને પછી તો તુલસી આંખો મીંચીને માટી નાખવા લાગ્યો.

માટીનો બધોય ઢગ કિસનના શબ ઉપર જ પડવા લાગ્યો. અને પછી તો જ્યાંજ્યાં પાળ જરા પણ નાદુરસ્ત દેખાય કે,તુલસી એના પર માટીના ઢગ કરી દે.

કામની ધૂનમાં ને ધૂનમાં અને પોતાના વહાલા જમાઈના શોકમાં બપોરનું ખાવાનુંયે એ ભૂલી ગયો.

સાંજ પડી. તુલસી ઘેર આવ્યો. આખો દિવસ પાણીમાં રહેવાથી અને શ્રમ કરવાથી એનાં અંગ જકડાઈ ગયાં હતાં. એટલે ગરમ પાણીએ સ્નાન કરી ચૂલા પાસે બેસી એ તાપવા લાગ્યો.

પોતાના પિતાને એકલા ઘરે આવેલા જોઈ કિનિયા ચિંતાતુર બની.

થોડીવાર પછી એણે કહ્યું : 'બાપુ ! તમે એકલા જ કેમ આવ્યા ?'

તુલસી કહે : 'બેટા ! હું એકલો જ આવ્યો છું.'

કિનિયાએ વિચાર્યું કે કોઈની સાથે વાતો કરવા રોકાયા હશે ! પછી એણે કહ્યું : 'બાપુ, તમે ખાઈ લો.'એમ કહી એ રસોડા તરફ ગઈ.

'આજે મારી તબિયત ઠીક નથી. એની રાહ જોયા વગર તું પણ ખાઈ લે અને વાસણ માંજી નાખ.'

આમ તુલસીએ પોતાના જમાઈના મૃત્યુની વાત છુપાવી. કિનિયાને પણ એકલા ખાવાનું ન ગમ્યું. એટલે એણે રોટલા ઢાંકીને શીકા પર મૂકયા ને પથારી કરી સૂઈ ગઈ. પણ એને ઊંઘ આવી નહિ.

આમ પાસા ઘસવામાં અડધી રાત વીતી ગઈ, પણ કિસન ન આવ્યો.

એટલે હવે તો કિનિયાના મનમાં જાતજાતની શંકાઓ ઊઠવા લાગી.

એને એના પિતાની વાત યાદ આવી. એના પિતાએ જાણી જોઈને જ એની વાત ટાળી હતી. માટે ચોક્કસ 'દાળમાં કંઈક કાળું' લાગે છે.

અનિષ્ટ બનાવની કલ્પના કરતાં જ કિનિયા હથેળીમાં મોં ઢાંકી રડવા લાગી.

અને એણે આખી રાત રડયા કર્યું.

પણ કિસન ન જ આવ્યો. બિચારો આવે પણ કયાંથી ? એ તો કયારનોય પરલોકમાં સિધાવી ગયો હતો.

વહેલી સવારે કિનિયા ઘરેથી નીકળીને સીધી પેલા ખેતર તરફ ચાલી.

એના પિતા એ વખતે ઘસઘસાટ ઊંઘતા હતા.

રસ્તામાં એને જે મળતું એ પૂછતું :

'કિનિયા, આમ હાંફળીફાંફળી કયાં જાય છે ?'

પણ કિનિયાને જવાબ આપવાનીયે કયાં ફુરસદ હતી.

એ તો ઉતાવળી ઉતાવળી ખેતરમાં આવીને કિસનની તપાસ કરવા લાગી.

આંખો ખેંચીખેંચીને એ ચારે તરફ જોવા લાગી, અને પાગલની જેમ આમતેમ દોડવા લાગી.

પરંતુ એનો પતિ કિસન એમ કયાં છુપાઈને બેઠો હતો કે, હાથમાં આવે!

છેવટે કંટાળીને કિનિયા પાળના ઊંચા ટેકરા પર જઈને બેઠી.

એ ટેકરો ગઈ કાલે જ બનાવેલો હતો.

ટેકરા ઉપર બેસીને કિનિયા છાતીફાટ રડવા લાગી. અચાનક એની નજર, ખેતરમાં ભરાયેલ જલરાશિમાં આમતેમ દોડતાં મોજાં પર પડી.

અચાનક એના મનમાં વિચાર થયો કે, કદાચ કિસન આ પાણીમાં તો નહીં દટાયો હોય !

આ વિચાર આવતાં એ બારીક નજરે ચારેકોર જોવા લાગી.

પાણીનાં મોજાં અથડાવાથી પાળની માટી થોડીથોડી પાણીમાં પડતી હતી.

કેટલીક વાર પછી કિનિયાને પાણીની અંદર માણસનો એક હાથ દેખાયો.

એણે ધ્યાનથી આ દશ્ય જોયું. અને બધી પરિસ્થિતિ એ સમજી ગઈ.

અને એ દશ્યની યાદ આવતાં જ એ કમકમી ઊઠી. પરંતુ હૈયે હિંમત ધારણ કરી એ બોલી :

'વરુણદેવતા ! તમે મારા સ્વામીનું બલિદાન લીધું તો પછી મને કેમ એકલી છોડી ? હું પણ ધરતી માતાની રક્ષા માટે મારા પતિની સાથે...'

એનું આમ બોલવાનું પૂરું થયું–ન–થયું એટલામાં અચાનક પાળ ઉપરથી માટીની એક ભેખડ ધસી અને કિનિયા પાણીમાં ઊથલી પડી.

એની પકડમાં કિસનનો હાથ આવી ગયો. એટલામાં ઉપરથી બીજી પણ ખૂબ માટી પાણીમાં પડી.

પાળીની એક બાજુના ભાગમાં મોટું ગાબડું પડયું.

ત્યાંથી પ્રચંડ વેગથી પાણી વહેવા લાગ્યું અને એ તણાવા લાગી.

આ બાજુ કિનિયાના પિતા જાગ્યા.

ઘરમાં કિનિયાને ન જોતાં એની તપાસ કરવા પોતાના ખેતર ભણી ઊપડયા.

બીજા ખેડૂતો અને ગામ લોકો પણ ત્યાં દોડી આવ્યાં.

આવેલા લોકોએ જોયું કે, પાણી ખૂબ વેગથી વહી રહ્યું છે. પૂર પણ જબરું આવી ગયું હતું. દૂરદૂરથી પાણી પણ જોશભેર ધસમસતું આવી રહ્યું હતું.

આ પૂરમાં કિનિયા અને કિસન તણાતાં જઈ રહ્યા હતાં.

કિનિયાએ કિસનનો હાથ મજબૂત રીતે પકડયો હતો.

લોકોએ આ પ્રચંડ વેગથી વહી રહેલા પાણીના પ્રવાહમાંથી કિસન–કિનિયાની જોડીને પકડી પાડી.

પરંતુ કિનિયાના દેહમાં પ્રાણ ન હતો.

મરતાં સુધી પણ કિનિયાએ કિસનનો હાથ છોડયો ન હતો.

પૂરને કારણે કેટલાંયે ખેતરોની પાળ તૂટી ગઈ હતી અને એમાંથી પાણીએ ધીરેધીરે સરિતાનું રૂપ ધારણ કર્યું હતું.

કિનિયા અને કિસનના બલિદાન ઉપર આંસુ વહાવી ગ્રામવાસીઓએ શ્રદ્ધાંજલી અર્પી અને પછી બન્નેના અંતિમ સંસ્કાર કર્યા.

ગામલોકોએ કિનિયા–કિસનના અમર બલિદાનની યાદમાં એ નદીનું નામ 'કેન' પાડયું.

આજે પણ એ કેન નદી ડાંગરના ખેતરમાંથી નીકળે છે અને યમુનાને મળે છે.

આ કિસન અને કિનિયાનું નામ મધ્યપ્રદેશની લોકકથામાં અમર થઈ ગયું.

**લેખક :– વસંતલાલ પરમાર**